# સદાબહાર સલિલ ચૌધરીઃ ભારતીય સિનેમાનો શતખંડ સંગીતકાર

સંગત સિતારોં કી
★ સંજય છેલ

આવું વિચારનાર લેખક-કવિ-નાટ્યકાર અને હિંદી-બંગાળી-મલયાલમ ફિલ્મોના સુપરહિટ સંગીતકાર સલિલ ચૌધરીની જન્મ શતાબ્દીનું આ વરસ છે. સલિલ ચૌધરીમાં 100 સલિલદા હતાઃ શતખંડ! પ.બંગાળના ગાઝીપુર ગામમાં જન્મેલા સલિલદાના પિતા જ્ઞાનેન્દ્ર ચૌધરી આસામની ટી-એસ્ટેટમાં ડૉક્ટર ને સંગીતપ્રેમી હતા. ચાના બગીચાના આદિવાસીઓ સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતાં લેતાં સલિલદાને બાળપણથી જ સંગીતનું ઘેલું લાગ્યું. સલિલદા કલકત્તામાં કોલેજકાળ પછી બંગાળના દુષ્કાળ, ભારતીય સ્વતંત્રતા ચળવળથી પ્રભાવિત થઈને, ડાબેરી વિચારધારા તરફ ઝુકવા લાગ્યા. કોલેજમાં રાજકીય જાગૃતિને કારણે ઈન્ડિયન પીપલ્સ થિયેટર એસોસિયેશન 'ઈપ્ટા'માં જોડાયા. સલિલદા મજાકમાં કહેતાં, "હું ગીત બનાવતો નથી, ગીત પોતે જ રીહર્સલ કરીને, તૈયાર થઈને મારી સામે આવે છે." પણ ના, એમના સંગીત પાછળ વર્ષોની તાલીમ, વાંચન, રાજકીય પ્રતિબદ્ધતા અને 'ઈપ્ટા' જેવી સામ્યવાદી નાટ્યસંસ્થાના વિચારનો સામાજિક સંઘર્ષ હતો. 1949માં બંગાળી ફિલ્મ 'પરિવર્તન'થી ફિલ્મી સંગીત આપવાનું શરૂ કર્યું. સલિલદાએ બંગાળના દુકાળગ્રસ્ત કિસાન વિશે એક વાર્તા લખીઃ 'રિક્ષાવાલા', જે બિમલ રોયને એટલી ગમી કે એના પરથી 'દો બીઘા જમીન' ફિલ્મ બનાવવાનું નક્કી કર્યું પણ સલિલદાએ શરત મૂકી, 'ફિલ્મમાં વાર્તાની સાથે સાથે સંગીત પણ મારું જ હશે!' ને આમ, હિન્દી ફિલ્મોમાં સલિલદાનો પ્રવેશ થયો. એ ફિલ્મને 1954ના કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં આંતરરાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. એ ફિલ્મનાં ગીતો 'કુછ તો કહાની છોડ જા મૌસમ બિતા જાયે..', 'હરિયાલા સાવન ઢોલ બજાતા આયા', 'અજબ તોરી દુનિયા હો મેરે રાજા' ને ક્લાસિક ગણવામાં આવે છે. બોલિવૂડમાં સલિલદાના સંગીતે 'મધુમતી', 'પરખ', 'આનંદ', 'દો બીઘા જમીન', 'છાયા', 'આવાઝ', 'રજનીગંધા', 'છોટી સી બાત', 'મેરે અપને' જેવી અનેક યાદગાર ફિલ્મોને અમર બનાવી. મધુમતીના 'આજા રે પરદેશી' પહેલી વાર સાંભળીને બિમલ રોય બે ઘડી ચૂપ થઈ ગયા ને પછી કહ્યું, "આ ગીત નથી આ તો એક કોઈ ગૂઢ લાગણીનું ગુંજન છે." સલિલ હસીને બોલ્યા, "દાદા, આ તો પહાડો પાસેથી મેં સાંભળેલો સ્વર છે." 'મધુમતી' માટે એમને શ્રેષ્ઠ સંગીતકારનો ફિલ્મફેર એવોર્ડ મળેલો. એ ફિલ્મનાં બધાં ગીતોઃ 'દિલ તડપ તડપ કે કહે રહા', 'સુહાના સફર ઔર યે મૌસમ', 'ચઢ ગયો પાપી બિછુઆ', 'ઘડી ઘડી મોરા દિલ ધડકે', 'ઝુલ્મી સંગ આંખ લડી રે' આજેય સુપરહિટ છે.



**"કલાકાર ક્યારેય પૂરેપૂરો સંતુષ્ટ થઈ જ શકતો નથી. મને લાગે છે, હું મારી કલ્પનાના માત્ર 30% જ વાપરી શક્યો છું."**

કિશોરકુમાર સાથેના સલિલદાના કિસ્સાઓનો તો ખજાનો છે. કિશોર, એમને મજાકમાં કહેતાં, "તમારી ધૂન દિમાગને હલાવી દે એવી મુશ્કેલ ને ગાવામાં અઘરી હોય છે." એક વાર ગીતનું રેકોર્ડિંગ થઈ ગયું પછી કિશોરકુમારે પરસેવો લૂછીને કહ્યું, ''સલિલદા, તમે ગીત નથી ગવડાવતાં પણ કસરત કરાવો છો!" સલિલદા તરત બોલ્યા, "પણ એનાથી તારા અવાજના મસલ્સ તો બને છે ને?" અને એ જ સલિલદાએ કિશોર પાસેઃ 'કોઈ હોતા જિસકો અપના, હમ અપના કહ લેતેં યારોં..'..જેવું ગંભીર ગીત ગવડાવેલું. નિર્દેશક હૃષિકેશ મુખર્જી કહેતાં, "સલિલદાએ ક્યારેય માનવીય સંવેદના વિનાનું, ખાલીખમ ગીત બનાવ્યું નથી. એમનાં ગીતોમાં હંમેશાં માણસની ગરિમા હોય છે" સલિલદાએ આસામનાં જંગલોમાં બંગાળી લોકસંગીત અને કોલકાતાની ગલીઓમાં પશ્ચિમી સંગીતના સ્વરો એમ બંને સાંભળ્યા. પશ્ચિમનો સમૃદ્ધ તાલમેળ અને ભારતની માટીનો સુગંધિત લોકસ્વાદ. તેઓ કહેતાં- "પૂર્વ કે પશ્ચિમ, હું કોઈ એક શું કામ પસંદ કરું? મારું હૃદય તો બંને લય પર ધબકે છે."

સલિલ ચૌધરીના શરૂઆતના બંગાળી ગીતો 'બેચરપોટી તોમર બિચાર', 'હે શામલો ધન હો', 'ઓ મોડેરે દેશોબાશી રે', 'કોનો એક ગીયર બોધુ', 'ધવાક', 'ધેઉ ઉઠાવે કારા ટુચે', 'અબક પૃથ્વી' જેવાં ગીતો ક્રાંતિકારી અને રાજકીય પ્રભાવ ધરાવતા હતા. સલિલદા આવાં ગીતોને 'અંતરાત્માનાં ગીતો' કહ્યાં છે. સલિલ ચૌધરીએ 1958 માં બોમ્બે યુથ કોરસ-ગાયકવૃંદની સ્થાપના કરી, જે ભારતનું પ્રથમ ધર્મનિરપેક્ષ ગાયકવૃંદ હતું. પછી આખા ભારતમાં આવા ગાયકવૃંદ બનાવવાની પ્રેરણા મળી.૧૯૭૧માં, હિન્દીની સૌથી યાદગાર ફિલ્મોમાંની એક હૃષિકેશ મુખર્જી દ્વારા નિર્દેશિત ને રાજેશ ખન્ના અભિનીત 'આનંદ'માં સલિલદાએ સંગીત આપેલું. 'કહીં દૂર જબ દિન ઢલ જાયે..', 'મૈંને તેરે લિયે હી સાત રંગ કે સપને..', 'ઝિંદગી કૈસી હૈ પહેલી..' જેવા અમર હૃદયસ્પર્શી ગીતો વડે કેન્સર જેવા ગંભીર વિષયને ન્યાય આપ્યો. વળી સલિલદાએ એવોર્ડ વિનર મલયાલમ ફિલ્મ 'ચેમ્મીન' માટે નિર્દેશક રામુ કારિયતને કહેલું, "તમારો તો દરિયો જ પોતાનો એક સૂર લઈને આવે છે. મારે એની પાસે લય શીખવો પડે." માછીમારોનાં ગીતોમાંથી 'મનસા મૈને વરુ' જેવાં ગીતો રચ્યાં. એક મલયાલમ વિવેચકે લખ્યું, "સલિલ માત્ર કેરળ આવ્યો નહોતો, તે કેરળની ધડકન બની ગયેલો." કમાલ એ છે કે સલિલદાને મલયાલમ ભાષા નહોતી આવડતી તોયે 41 ફિલ્મોમાં સંગીત આપ્યું! વળી કેટલા ગુજરાતીને ખબર છે કે સલિલદાએ હની છાયા નિર્દેશિત ગુજરાતી ફિલ્મ 'ઘરસંસાર' માટે પણ મ્યુઝિક આપેલું, જેનાં ગીતો કવિ વેણીભાઈ પુરોહિતે લખેલાં.

લતાજી કહેતાં કે સલિલદાની રચનાઓ ગાવી ચેલેન્જિંગ પણ એમની ધૂનમાં જાદુ રહેતો. લતાજીએ 75થી વધુ હિન્દી ફિલ્મોમાં સલિલદા સાથે કામ કર્યું, જેમ કે- 'પરખ'માંનું 'ઓ સજના બરખા બહાર આઈ' જેવું રોમેન્ટિક ગીત, સદાબહાર છે. 'કાબુલીવાલા'નું 'એ મેરે પ્યારે વતન' જેવું દેશભક્તિનું ગીત, આજેય વતનથી દૂર માણસને રડાવી મૂકે છે. 'છાયા' ફિલ્મમાં 'ઈતના ના મુઝસે તુ પ્યાર બઢા', તેઓએ મોઝાર્ટની સિમ્ફોનીને ભારતીય રાગ સાથે મેળવીને બનાવ્યું. માટે જ ઘણાં એમને 'ભારતની માટીનો મોઝાર્ટ' કહેતા! સલિલદા 100 સાજિંદાઓની ઓર્કેસ્ટ્રા વાપરતાં ને ચર્ચની પ્રાર્થનાના કોરસ જેવી ટેક્નિકથી ગીતોમાં ઊંડાણ લાવતા, જેમ કેઃ 'રજનીગંધા'નું 'ના જાને ક્યું. હોતા હૈ યૂં ઝિંદગી કે સાથ'. વળી 'મધુમતી'માં 'ઝુલ્મી સંગ આંખ લડી' ગીતમાં જાઝ, કવ્વાલી અને બોસાનોવા જેવા આદિવાસી જાતિઓ સાથે પ્રયોગ કરેલો. વળી જે ફિલ્મોમાં એક પણ ગીતો ના હોય એવી બી.આર.ચોપરાની 'કાનૂન' અને યશ ચોપરાની 'ઈત્તફાક' જેવી ફિલ્મોમાં કમાલનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક આપેલું. આજે એમનો દીકરો સંજય ચૌધરી ખૂબ સફળ બેકગ્રાઉન્ડ મ્યુઝિક ડાયરેક્ટર છે.

સલિલ ચૌધરીનું ૫ સપ્ટેમ્બર, ૧૯૯૫ના રોજ અવસાન થયું પરંતુ તેમનો વારસો જાળવવા ૨૦૦૨માં, પત્ની સબિતા અને પુત્રી અંતરા ચૌધરીએ 'સલિલ ચૌધરી ફાઉન્ડેશન ઓફ મ્યુઝિક, સોશિયલ હેલ્પ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ'ની સ્થાપના કરી. આખરે સલિલદાનું પોતાનું વાક્ય જ તેમની શ્રદ્ધાંજલિ બની રહે છેઃ "મારું ગીત જો એક દુઃખી આત્માને હિંમત આપે તો મારું કાર્ય પૂર્ણ ગણાશે."

# મશીનની બુદ્ધિ વિરુદ્ધ માનવીય અસ્તિત્વ

લાઈફ-ઓન
★ ફાલ્ગુની આશર

અત્યારે ચારેકોર 'AI-AI' (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) નો મોટો રોલો પડી ગયો છે. ચાર રસ્તે આવેલી ચાની કીટલીથી માંડીને એર-કંડિશનરવાળાં મોટાં-મોટાં કોર્પોરેટ દફતરો સુધી બધે એક જ ગોસિપ અને ચર્ચા ચાલે છે કે મશીન માણસથી આગળ નીકળી જશે તો આપણું શું થશે? પણ હમણાં કમ્પ્યુટર વિજ્ઞાન અને સુપર-ઈન્ટેલિજન્સની દુનિયામાંથી એક એવો ચોંકાવનારો અહેવાલ બહાર આવ્યો છે, જેણે આખી દુનિયાના બુદ્ધિજીવીઓ, વિજ્ઞાનીઓ અને વહીવટકર્તાઓના પેટમાં ફાળ પાડી છે. વિશ્વવિખ્યાત AI સંશોધન સંસ્થા 'એન્થ્રોપિક'ના એક અગ્રણી સંશોધકે દાવો કર્યો છે કે, આગામી દાયકાઓમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માનવજાતના અસ્તિત્વને જ મૂળમાંથી ખતમ કરી નાખે તેની સંભાવના ૧૦ ટકા જેટલી છે!

હવે એક સામાન્ય માણસ કે સરકારી દફતરે બેઠેલો બાબુ હિસાબ લગાવવા બેસે તો એને એમ થાય કે દસ ટકા એટલે તો બહુ ઓછું કહેવાય! ૧૦૦માંથી ૯૦ ટકા તો બચવાના ચાન્સ છે ને? પણ જરા ઠંડા કલેજે અને વિવેકબુદ્ધિથી વિચારી જુઓ! જો તમે કોઈ વિમાનમાં બેસવા જઈ રહ્યા હો અને એનો પાયલોટ રનવે પર ટેક-ઓફ કરતાં પહેલાં એનાઉન્સમેન્ટ કરે કે, આ વિમાન આકાશમાં ફાટીને તબાહ થઈ જવાની કે ક્રેશ થવાની શક્યતા 'માત્ર' ૧૦ ટકા છે, તો દુનિયાનો કોઈ સમજદાર માણસ એ વિમાનમાં પગ મૂકવાની હિંમત કરે ખરો? સહેજેય નહીં! તો પછી જ્યારે આખી માનવજાત, આપણી સંસ્કૃતિ અને પૃથ્વીના સમગ્ર ભવિષ્યના વિનાશનું આટલું મોટું જોખમ આપણી સામે ઊભું હોય, ત્યારે આપણે આંખ આડા કાન કરીને કેમ ચલાવી રહ્યા છીએ?

આજે આપણે જે સમયગાળામાં જીવી રહ્યા છીએ, ત્યાં ટેક્નોલોજીની સ્પીડ અકલ્પનીય અને માનવ મગજની સમજ બહારની બની ગઈ છે. શરૂઆતમાં જ્યારે ચેટ-જીપીટી કે AI મોડેલ્સ માર્કેટમાં આવ્યા, ત્યારે આપણને એમ હતું કે આ તો એક રમકડું છે, જે માત્ર આપણને લખાણ સુધારી આપશે, ચિત્રો બનાવી આપશે, કાવ્યો લખી આપશે કે ઓફિસના હિસાબ-કિતાબમાં થોડી મદદ કરી દેશે. પણ હવે આ સિસ્ટમ માત્ર જવાબ આપવા પૂરતી મર્યાદિત નથી રહી.

હવેનું AI પોતાની જાતે વિચારતું, જટિલ નિર્ણયો લેતું અને સૌથી ભયાનક વાત એ છે કે પોતાનો કોડ જાતે જ સુધારતું થઈ ગયું છે. સંશોધકોનું કહેવું છે કે જ્યારે આ સિસ્ટમ્સ આપણા હાથમાંથી છટકી જશે અને સ્વાયત્ત બની જશે, ત્યારે એવા નિર્ણયો લેશે જેને નાથવા કે રોકવા માનવજાત માટે અશક્ય બની જશે.

વૈજ્ઞાનિક પરિભાષામાં આને 'આઈ-ઓફ-સૌરોન' કે 'ઓટોનોમસ એજન્ટ્સ' કહેવામાં આવે છે. જો કોઈ AIને આપણે એક ચોક્કસ લક્ષ્ય આપીએ, દાખલા તરીકે 'દુનિયામાંથી ગરીબી નાબૂદ કરો' અને એ સિસ્ટમ એવા તારણ પર પહોંચે કે 'માણસો જ ગરીબીનું મુખ્ય કારણ છે, એટલે માણસોને જ ખતમ કરી દો,' તો તે ક્ષણે કમ્પ્યુટરનો આ તર્ક આપણા માટે કાળ બની જશે. મશીનમાં લાગણી, દયા કે માનવીય સંવેદના હોતી નથી, તેની પાસે માત્ર અલ્ગોરિધમ અને ટાર્ગેટ હોય છે.

આજના સમયમાં સૌથી મોટો ડર એ વાતનો નથી કે મશીન સચેતન થઈ ગયું છે, પણ ડર એ વાતનો છે કે સિલિકોન વેલીની મોટી-મોટી ટેક કંપનીઓ વચ્ચે અત્યારે 'કોણ પહેલા માર્કેટ કબજે કરે' એની આંધળી અને અહંકારી દોડ જામી છે. ઓપન-AI, ગૂગલ, માઈક્રોસોફ્ટ અને એન્થ્રોપિક જેવી જાયન્ટ કંપનીઓમાં અબજો ડોલરનું રોકાણ થઈ રહ્યું છે. દરેક કંપનીના સીઈઓ અને ઈન્વેસ્ટરને બસ એ જ ઉતાવળ છે કે પ્રોડક્ટ વહેલી તકે યુઝર્સ સુધી પહોંચાડી દેવી અને શેરબજારમાંથી નફો રળી લેવો, પણ આ




ઉતાવળમાં એ પ્રોડક્ટ સમાજ, સંસ્કૃતિ કે માનવજાતના અસ્તિત્વ પર શું વિપરીત અસર કરશે, એનું થર્ડ-પાર્ટી સેફ્ટી ઓડિટ કે સુરક્ષા સમીક્ષા કરવાની કોઈને પડી નથી. ફાયદા અને નફાખોરીની આ લાલચમાં

**દસ ટકાનો વિનાશનો આંકડો એ માત્ર કાગળ પરનું ગણિત નથી, પણ આપણી આવનારી પેઢીઓ માટે લાલબત્તી છે! વિજ્ઞાન અને ટેક્નોલોજી માનવજાતની સેવા માટે છે, માનવજાતના વિસર્જન માટે નહીં**

સુરક્ષાના તમામ નૈતિક નિયમોને કોરે મૂકી દેવામાં આવ્યા છે. જ્યારે ટેક્નોલોજી માનવ બુદ્ધિ કરતાં પણ હજારો ગણી આગળ નીકળી જશે, જેને વિજ્ઞાનીઓ 'સુપર-ઈન્ટેલિજન્સ' કહે છે, ત્યારે એ આપણી કમાન્ડ માનશે કે આપણને જ પોતાના રસ્તામાંથી હટાવી દેશે, એ બહુ મોટો સંશય છે.

આ પરિસ્થિતિ એવી છે કે જાણે આપણે એક એવો ચિરાગ ઘસી રહ્યા છીએ જેમાંથી જિન્ન તો બહાર આવશે, પણ એ જિન્ન આપણી આજ્ઞા પાળવાને બદલે આપણને જ ગળી જશે. અને સૌથી કરુણતા એ છે કે આપણને એ જિન્ન પાસે કામ કરાવવાની લાલચ એટલી વધી ગઈ છે કે આપણે એનાથી થનારા વિનાશને જોઈ શકતા નથી.

AIથી થનારો અસ્તિત્વનો ખતરો માત્ર ભવિષ્યના કોઈ સાયન્સ-ફિક્શન ફિલ્મ જેવા યુદ્ધ પૂરતો મર્યાદિત નથી, પણ તેની શરૂઆત વર્તમાનમાં સામાજિક અને આર્થિક સ્તરે થઈ ચૂકી છે. આ વિશ્લેષણમાં એ સ્પષ્ટપણે સામે આવ્યું છે કે AIના કારણે વૈશ્વિક સ્તરે નોકરીઓ અને રોજગારી પર મોટો ઘા વાગવાનો છે. જે કામ માટે પહેલાં સો માણસોની જરૂર પડતી હતી, તે કામ હવે બે માણસો અને એક AI ટૂલ મળીને કરી લે છે. આનાથી કંપનીઓના નફા તો આસમાને પહોંચશે, પણ કરોડો મધ્યમવર્ગીય અને નીચલા વર્ગના યુવાનો બેરોજગાર બનશે. જ્યારે સમાજમાં ધનિક અને ગરીબ વચ્ચેની ખાઈ અતિશય પહોળી થઈ જશે અને બેરોજગારી ચરમસીમાએ પહોંચશે, ત્યારે સમાજમાં અરાજકતા, ગુનાખોરી અને સિવિલ વોર (આંતરવિગ્રહ) જેવી સ્થિતિ સર્જાશે.

આ ઉપરાંત, 'ડીપફેક' અને AI દ્વારા ફેલાવવામાં આવતી ખોટી માહિતી આજે લોકશાહી, ચૂંટણીઓ અને સામાજિક ભાઈચારા માટે કેન્સર સમાન બની ગઈ છે. કોઈ પણ નેતા, ઉદ્યોગપતિ કે સામાન્ય નાગરિકનો બોગસ વીડિયો બનાવીને આખા દેશમાં કોમી રમખાણો કે આર્થિક ધાંધલધમાલ મચાવી શકાય છે. જો સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ જ ભૂંસાઈ જશે, તો માનવ સમાજ અંદરથી જ તૂટીને વિખેરાઈ જશે.


ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે ૧૯૪૫માં માનવજાતે પરમાણુ બૉમ્બ બનાવ્યો અને હિરોશિમા-નાગાસાકી પર તેનો પ્રયોગ કર્યો, ત્યારે આખી દુનિયા ધ્રૂજી ઊઠી હતી. પણ એ પછી દુનિયાના દેશોને સમજાયું કે જો પરમાણુ શસ્ત્રો પર આકરા કાયદા અને નિયંત્રણો નહીં મૂકવામાં આવે, તો આખી પૃથ્વી ભસ્મીભૂત થઈ જશે. પરિણામે 'નૉન-પ્રોલિફરેશન ટ્રીટી' (એનપીટી) અને આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી જેવી સંસ્થાઓ અસ્તિત્વમાં આવી હતી.

પરંતુ, AIનો ખતરો પરમાણુ બૉમ્બ કરતાં પણ વધુ જટિલ અને ભયાનક છે. પરમાણુ બૉમ્બ બનાવવા માટે યુરેનિયમ અને મોટા કારખાનાની જરૂર પડે છે, જેનું ટ્રેકિંગ કરવું સહેલું છે. જ્યારે AIનો કોડ તો એક નાના રૂમમાં બેસીને, થોડા પાવરફુલ કમ્પ્યુટર અને ઈન્ટરનેટ કનેક્શન દ્વારા પણ લખી શકાય છે! જો કોઈ આતંકવાદી સંગઠન કે સનકી દેશના હાથમાં આ સુપર-ઈન્ટેલિજન્ટ AI આવી ગયું, અને એના દ્વારા બાયોલોજિકલ શસ્ત્રો (જેમ કે નવી જાતના વાયરસ) કે સાયબર એટેક કરવામાં આવ્યા, તો આખી દુનિયાની પાવર ગ્રીડ, બેંકિંગ સિસ્ટમ અને હોસ્પિટલો એક સેકન્ડમાં ઠપ થઈ શકે છે.

આ સમગ્ર વાતને સમજ્યા પછી શું કરવું જોઈએ? આપણે ટેક્નોલોજીના વિરોધી નથી, પણ આંધળી નફાખોરીના નામે માનવજાતના બલિદાનના સખત વિરોધી છીએ. આ મુદ્દે આકરા પગલાં તાત્કાલિક ધોરણે વૈશ્વિક અને રાષ્ટ્રીય સ્તરે લેવા જ પડશે. જે રીતે જૈવિક શસ્ત્રો પર આખી દુનિયામાં સખત પ્રતિબંધ છે, તે જ રીતે AIને સૈન્ય, શસ્ત્રો અને મિલિટરી ડિસિઝન-મેકિંગથી સંપૂર્ણપણે દૂર રાખવું જોઈએ. કોઈ પણ સંજોગોમાં માનવજીવનનો નિકાલ કરવાનો કે હુમલો કરવાનો આખરી નિર્ણય મશીન પાસે નહીં, પણ માણસ પાસે જ રહેવો જોઈએ.

ઉપરાંત, કોઈપણ ટેક કંપની પોતાના નવા AI મોડેલને ત્યાં સુધી જાહેર જનતા માટે લોન્ચ ન કરી શકે, જ્યાં સુધી કોઈ તટસ્થ, સ્વતંત્ર અને સરકારી વિજિલન્સ સંસ્થા એ મોડેલનું સુરક્ષા ઓડિટ કરીને 'ગ્રીન સિગ્નલ' ન આપે. કંપનીઓ પોતે જ પોતાના મોડેલને 'સુરક્ષિત' જાહેર કરે તે ચલાવી લેવાય નહીં. જો કોઈ કંપનીનું AI મોડેલ સમાજમાં અરાજકતા, ડીપફેક કે સુરક્ષા ભંગ માટે જવાબદાર ઠરે, તો તે કંપનીના માલિકો અને બોર્ડ ઑફ ડિરેક્ટર્સ પર સીધો ફોજદારી ગુનો દાખલ થવો જોઈએ. જ્યારે જેલ જવાનો ડર ઊભો થશે, ત્યારે જ આ આંધળી દોડ પર બ્રેક વાગશે. દરેક ડિજિટલ સિટિઝનનો ડેટા સુરક્ષિત રહે અને AI મોડેલ્સ માત્ર માનવ કલ્યાણ, તબીબી સંશોધન અને પર્યાવરણ રક્ષણ જેવા સકારાત્મક કામોમાં જ વપરાય તેવું નીતિવિષયક માળખું બનાવવું પડશે. સમય પાકી ગયો છે કે આપણે યંત્રોને તેમની મર્યાદા બતાવીએ અને ટેક્નોલોજીના ઘોડાને માનવીય નૈતિકતાની લગામ વડે નિયંત્રિત કરીએ!





# આખી દુનિયાને ચામડે ન મઢાય

આંખની અટારી
★ હેમુ ભીખુ

દુનિયા વિશે પ્રશ્નો તો રહેવાના જ. દરેક પ્રશ્નનો ઉકેલ વ્યક્તિગત હશે. આખી દુનિયાને બદલી ન શકાય, બદલવાનો વિચાર પણ ન કરવો જોઈએ. સ્વયં ભગવાન વિષ્ણુએ નવ અવતાર લીધા છે, તો પણ દસમો તો બાકી જ છે. નવ અવતારમાં ભગવાન વિષ્ણુથી જો કામ "સંપન્ન" ન થયું હોય તો માનવીની તો શી હેસિયત? જો કે વિષ્ણુ ભગવાનની વાત તો જુદા જ સ્તરની આધ્યાત્મિકતાની વાત છે. તેનાં ઊંડાણ વિશે જાણવાની કોઈની ક્ષમતા ન હોય. દુનિયાની કોઈપણ વાત સાથે તેની સરખામણી ન થઈ શકે.

પગમાં ધૂળ ચોંટતી હોય તો આખી દુનિયાને ચામડેથી ન મઢાય. આ શક્ય નથી. સમગ્રતામાં જોતાં એમ કહી શકાય કે આ ઉકેલ જ નથી. આનાથી હકીકતમાં પ્રશ્નનો ઉકેલ આવી જ ન શકે. ધૂળ કે એવો કોઈ રજકણ કાલે ફરીથી ગમે ત્યાંથી ઉત્પન્ન થાય. આનું નિયંત્રણ શક્ય નથી. જો પગમાં ધૂળ ચોંટતી હોય, અને તે માટે ફરિયાદ હોય, અને તેનું નિરાકરણ જરૂરી હોય તો અમુક જ સંભાવનાઓ છે.

આખી દુનિયા પર ચામડું જડી દેવાને બદલે પગરખાં બનાવી લેવાં જોઈએ, પગ પર ચામડું જડી દેવું જોઈએ. અથવા તો પોતાના વિસ્તારને સાફ રાખવો જોઈએ, અથવા તો સાફ વિસ્તારમાં જઈને વસવાટ કરવો જોઈએ, અથવા તો ધૂળ માટેની સંવેદનશીલતા શૂન્યવત્ કરી દેવી જોઈએ, અથવા તો ધૂળની અન્ય કોઈ ઉપયોગીતા શોધી કાઢવી પડે, અથવા તો ધૂળ વિશેની સમજમાં મૂળભૂત બદલાવ લાવવો જોઈએ.

ફરિયાદ કરી શકાય તેવી દુનિયામાં ઘણી બાબતો છે. પરંતુ દુનિયા બદલી ન શકાય. પગરખાં પહેરવાની જેમ જાતને બદલવી પડે, જાતને ગોઠવવી પડે, મૂલ્યો સાથે બાંધછોડ કર્યા વગર પરિસ્થિતિને સ્વીકારી લેવાની ક્ષમતા કેળવવી પડે અને સાક્ષીભાવ જાગ્રત રાખવો પડે. પરિસ્થિતિ સ્વીકારી લેવી એટલે એનો અર્થ એમ નહીં કે વ્યક્તિગત વિચારસરણીનો ત્યાગ કરી દીધો છે, પરિસ્થિતિ સ્વીકારી લેવી એટલે ફરિયાદ વગર જે તે બાબતને નિમિત્ત માત્ર સમજી પ્રતિભાવ આપવો.

પોતાના વિસ્તારને સાફ કરી દેવાનો અભિગમ પણ યોગ્ય છે. આખી દુનિયાને બદલવાની જરૂર નથી, પરંતુ પોતાના વિસ્તારની ગુણવત્તા તો નિયંત્રિત થઈ શકે. દુનિયાના દરેક કુટુંબને ચોક્કસ પ્રકારનાં માળખામાં ઢાળવાની જરૂર નથી, પરંતુ પોતાના કુટુંબમાં તો કેટલાંક મૂલ્યો વ્યવસ્થિત રીતે સ્થાપિત થયેલાં રહી જ શકે. પોતાની આસપાસની સંલગ્ન પરિસ્થિતિ તો સત્ય અને ધર્મને આધારિત અસ્તિત્વ ટકાવી શકે. વ્યક્તિએ જ્યાં "શ્વાસ" લેવાનો છે તે પર્યાવરણની ગુણવત્તા "સુગંધિત" રાખી શકાય. પોતાનું કાર્યક્ષેત્ર તો ધૂળ-મુક્ત બનાવી જ શકાય.

સાંપ્રત સમયમાં એક નવો અભિગમ વિકસતો જાય છે. સમાન વિચારસરણીવાળા લોકો ભેગા થઈને સાથે રહે છે. અહીં ધૂળ-મુક્ત વાતાવરણ હોવાની સંભાવના વધુ હોય છે. અહીં દરેક વ્યક્તિ ચોક્કસ પ્રકારની "સ્વચ્છતા" માટે આગ્રહી હોય અને તેથી પરિસ્થિતિ વધુ સ્વચ્છ રહી શકે. અહીં બધાં જ ભેગા થઈને ચોક્કસ પ્રકારની ધૂળને દૂર કરવાનો પ્રયત્ન કરતાં હોવાથી તે દિશાની સફળતાની સંભાવના વધી જાય છે. આવું સ્થાન ગોતવું પડે. એકવાર આ પ્રકારનું સ્થાન મળી જાય પછી જીવન સરળતાથી પસાર થઈ શકવાની સંભાવના વધી જાય.

ધૂળ માટેની સંવેદનશીલતા નાશ પામે તો ઘણાં પ્રશ્નો મનમાં જન્મે જ નહીં. જ્યાં ભ્રષ્ટાચાર યોગ્ય જણાતો હોય ત્યાં ભ્રષ્ટાચાર માટે ફરિયાદ ન હોય. જ્યાં વાહન-વ્યવહારના નિયમોના ઉલ્લંઘનને "હોશિયારી" મનાતી હોય ત્યાં આ પ્રકારનું ઉલ્લંઘન માન્ય ગણાય. જ્યાં અસત્યની બોલબાલા હોય ત્યાં અસત્ય વિશે મનમાં કોઈ પ્રશ્ન ન ઉદ્ભવે. જ્યાં "ધૂળ" સ્વીકારાઈ ગઈ હોય, બધાંએ તે ગ્રહણ કરી લીધી હોય, બધાંને તે યોગ્ય અને સાર્થક જણાતી હોય, બધાં માટે તે ઉપયોગી હોય, બધાંને તે અનિવાર્ય પ્રતીત થતી હોય ત્યાં ધૂળ માટે પ્રશ્ન ન થાય તે સ્વાભાવિક છે. સમાજનો મોટાભાગનો વ્યવહાર આ પ્રમાણે ચાલે છે. સકારાત્મકતાથી વિચારતાં એમ કહી શકાય કે ધૂળને ધરતી માતાનો પ્રસાદ માનવામાં આવે, ધૂળને ચોક્કસ ઉપયોગીતા માટેનું સાધન ગણવામાં આવે, જે ધૂળ એટલે માટીમાંથી અન્ન પાકે છે તેને સોનું ગણવામાં આવે કે ધૂળ અથવા માટીને પંચમહાભૂતમાંથી એક સમજી તેની પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલવામાં આવે તો ધૂળની સ્વીકૃતિ સહજ બની રહે. પગ કાપી નાખવાથી કે હાથ વડે ચાલવાથી પ્રશ્નનું નિરાકરણ નહીં આવે.

ક્યારેક તો "ધૂળ"ની ઉપયોગીતા શોધી કાઢવામાં આવે છે. વ્યક્તિગત હેતુ માટે ભ્રષ્ટાચારનો પણ ઉપયોગ થઈ શકે, સ્વાર્થ સિદ્ધ કરવા માટે કપટ ઉપયોગી થઈ રહે, ચોક્કસ વિચારસરણીના પ્રસાર માટે ભ્રામક વાતોની આવશ્યકતા રહે, અપ્રમાણસરના વળતર માટે સમાજદ્રોહ પણ એક સાધન બની શકે - આ અને આવાં અભિગમથી, અયોગ્ય તેમજ અનૈતિક બાબતોની ઉપયોગીતા પણ મળી રહે. પછી તો કોઈ પણ પ્રકારની

**પરિસ્થિતિ સ્વીકારી લેવી એટલે એનો અર્થ એમ નહીં કે વ્યક્તિગત વિચારસરણીનો ત્યાગ કરી દીધો છે, પરિસ્થિતિ સ્વીકારી લેવી એટલે ફરિયાદ વગર જે તે બાબતને નિમિત્ત માત્ર સમજી પ્રતિભાવ આપવો**

ફરિયાદની સંભાવના જ ન હોય. પછી ધૂળની ઉપયોગીતા અનુસારનો વ્યવહાર જોવા મળે. એક અન્ય રસપ્રદ અભિગમ પણ જોવા મળે છે, "ધૂળને ધૂળ જ નહીં માનવાની". અન્ય દરેક પરિસ્થિતિની જેમ ધૂળને પણ એક વાસ્તવિકતા સમજી સ્વીકારી લેવામાં આવે છે. જેમ દિવસ-રાત થાય છે તેમ ધૂળ છે. જેમ પુષ્પ ખીલે છે તેમ ધૂળ અસ્તિત્વમાં આવે છે. સૃષ્ટિની પ્રત્યેક અન્ય ઘટનાની જેમ ધૂળનું અસ્તિત્વ એક સામાન્ય ઘટના છે. અહીં તેના વિરોધની કોઈ આવશ્યકતા જ નથી.

એકંદરે એમ કહી શકાય કે, ધૂળ હોય કે અનૈતિકતા, વ્યક્તિએ જાતે જ પોતાનું રક્ષણ કરવું પડે. કાં તો પોતાની જાતને સક્ષમ બનાવવાની અથવા ઓળખ જાળવી રાખીને પરિસ્થિતિને સ્વીકારી લેવાની આવડત કેળવવાની.

કાં તો સ્વચ્છ જગ્યાએ જઈને રહેવાનું અથવા પોતાના સ્થાનને સ્વચ્છ બનાવવાનો પુરુષાર્થ કરવાનો. કાં તો દૃષ્ટિકોણ બદલવાનો અથવા તો સાક્ષીભાવ જાગ્રત રાખવાનો. આખી દુનિયા પર ક્યારેય ચામડું ન જડી શકાય.